# ઉત્રાણના મહિલા તબીબની જાણ બહાર 14 કરોડની લોન લઈ નહીં ભરનાર ડોક્ટર પતિ પકડાયો

**પતિ-**સસરાએ મળી 10 બેંકમાંથી લોન લીધી હતી, લોન લેવા પેપર ઉપર ખોટી સહીઓ પણ કરી હતી



સુરતઃ ઉત્રાણ વિસ્તારમાં સિલ્વર પેલેસ પાસે રહેતી મહિલા તબીબની જાણકારી વિના મહારાષ્ટ્રમાં રહેતા ડોક્ટર પતિ અને સસરાએ જુદી-જુદી ૧૦ બેંકમાંથી કુલ 14.33 કરોડની બેંક લોન મેળવીને ઠગાઈ કરનાર ડોક્ટર પતિની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ સૌરાષ્ટ્રના વતની અને ઉત્રાણ ખાતે આવેલા સાંઈ હાઈટ્સ ખાતે રહેતા ડો. નમ્રતાબેન બાબુભાઈ વીરડિયા આદિત્ય કોમ્પ્લેક્સમાં નમ્રતા નર્સિંગ હોમ નામે હોસ્પિટલ ધરાવે છે. 24 જુલાઈ 2011ના રોજ મહારાષ્ટ્રના ઔરંગાબાદ સ્થિત જ્ઞાનેશ્વરનગરમાં રહેતા ડો. તુષાર પ્રકાશ ભારંબે સાથે લગ્ન થયા હતા. નમ્રતાએ પિતાનો ફ્લેટ જે તેના નામે હતો, તેના પર 70 લાખની લોન લઈને હોસ્પિટલ શરૂ કરી હતી. પતિ સાથે મળીને આઈવીએફ સેન્ટર શરૂ કરવા 31 લાખની લોન પણ લીધી હતી. સમય જતાં નીતાએ ગત 2020 વર્ષમાં લોન ભરપાઈ થઈ જતાં દસ્તાવેજની માંગણી કરતાં પતિએ વાતને ટાળી દીધી હતી. ત્યારબાદ નમ્રતાની હોસ્પિટલમાં જુદી જુદી બેંકમાંથી નોટિસ મળવાનું શરૂ થયું હતું. નમ્રતાના મિત્ર ઘનશ્યામ પદમાણી પાસે પણ એક કરોડની રકમની માંગણી કરી હતી. આ મામલે વધુ તપાસ કરતાં તુષારે કુલ 17થી વધુ કરોડની લોન અને ઊછીના પેટે રકમ લીધી હોવાનું જણાવ્યું હતું. પત્નીની જાણ વિના લોન લેવાના કૃત્યના કારણે ગત તા. 30 મે 2022ના રોજ લગ્નજીવન હેઠળ છૂટાછેડા લીધા હતા.

પતિ અને સસરા પ્રકાશ ભારંબેએ તેણીની જાણ વિના જુદી જુદી 10 બેંકમાંથી કુલ 14.33 કરોડની બેંક લોન લીધી હતી. નમ્રતાનાં ભાગીદાર ડો. પ્રકાશ ભટ્ટના નામે પણ લોન મેળવી હતી. જેમાં તપાસ કરતાં બંનેના નામે લોન લેવામાં પેપર ઉપર ખોટી સહીઓ કરી હોવાની ચોંકાવનારી વિગત બહાર આવી છે. આ અંગે ઉત્રાણ પોલીસે ગુનો નોંધીને ડોક્ટર પતિ તુષાર પ્રકાશ ભારંબે (રહે., પિયુષ વિહાર સિડકો મહા-૧ વાળુજ, છત્રપતિ શિવાજીનગર, ઔરંગાબાદ) ની ધરપકડ કરી છે.

# કતારગામમાં કારીગર સોનું ચોરી ગયો ને ગ્રાહકે જ્વેલર્સના ઘરે મારામારી કરી

**ઘરે** માણસો સાથે જઈ પૈસાની માંગણી કરી પત્ની, બહેનને માર માર્યો

સુરતઃ કતારગામમાં રહેતા વેપારીની દુકાનમાંથી બંગાળી કારીગર ૧૦૦ ગ્રામ ચોરી કરી નાસી ગયો હતો. બીજી તરફ ગ્રાહક દ્વારા સોનાના પૈસાની માંગણી કરતાં વેપારીએ ટુકડે ટુકડે કરી પૈસા ચૂકવી દેવાનું કહેવા છતાં ગ્રાહકે તેના બે માણસોને ઘરે મોકલી વેપારીની પત્ની અને તેની બહેન સાથે ગેરવર્તન કરી ઝપાઝપી કરી હતી.

પોલીસ પાસે મળતી માહીતી મુજબ કતારગામ, વેડ રોડ પર હરિદ્વાર સોસાયટીમાં રહેતા અને જ્વેલરીના વ્યવસાય સાથે સંકળાયેલા અભી સંન્યાસી પોરેલને નાનપુરા ઝીંગા સર્કલ પાસે રહેતા ઉમેશ નામના વ્યક્તિએ ૧૦૦ ગ્રામ સોનું દાગીના બનાવવા માટે આપ્યું હતું. જોકે તેમાંથી ૭૦ ગ્રામ સોનું અભિનો કારીગર ચોરી કરી પલાયન થઈ ગયો હતો. અભીએ ઉમેશભાઈને તે સોનાના ટુકડે ટુકડે પૈસા ચૂકવી આપવાનો વાયદો આપ્યો હતો અને ટુકડે ટુકડે પૈસા પણ ચૂકવતા હતા. તેમ છતાં ૩૦ માર્ચના રોજ સાંજે છ વાગ્યે અભી કામ અર્થે બહાર હતા ત્યારે ઉમેશ બાબુ નામના વ્યક્તિ સાથે અભીના ઘરે પહોંચી ગયા હતા. જ્યાં ઉમેશભાઈની પત્ની અને તેની બહેન પાસે ગયા હતા. અને પૈસાની માંગણી કરી ઢીક મૂકીને માર માર્યો હતો. આ મામલે મહિલાઓએ ફરિયાદ નોંધાવતા પોલીસે ઉમેશ અને બાબુ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447

# IPL સટ્ટાકાંડ: આખા પ્રકરણમાં 'ચોટલીવાળો વર્દીધારી' સૌથી મોટા વિલનની ભૂમિકામાં

**મનોજ,** ગજ્જુ કે પછી બન્ટી હોય, ક્રિકેટના સટ્ટામાં કોને 'ધંધો' કરવા દેવો અને કેટલો તે આ 'ચોટલીધારી' નક્કી કરે!

**ક્રિકેટ** સટ્ટા કાર્યવાહીમાં આ 'મહાશય' તેમના ઉપરીઓને પણ ગાંઠતા નથી: ગાંધીનગરનું પીઠબળ હોવાનો પણ ફાંકો

### સટોડિયાઓની તપાસમાં આડે આવતા 'ચોટલીવાળો વર્દીધારી' ગાંધીનગરનું પીઠબળ હોવાની હવા ઊભી કરી છે

ગાંધીનગરનું પીઠબળ હોવાનો ફાંકો રાખતાં આ વૃશ્ચિક રાશીના 'ચોટલીવાળો વર્દીધારી' જાણે કરોડો રૂપિયાના સટાકાંડમા તપાસ નહી કરવા માટે ઈશારો કર્યો હોય તેમ પોલીસ આ બાબતે લગભગ નિષ્ક્રિય જ જણાય છે. એક ઉપરીએ ઓળખ છૂપી રાખવાની શરતે જણાવ્યું કે તેઓને પરમીશન નથી કે તેઓ સટ્ટાકાંડની તપાસ કરી શકે કેમકે ચોટલીધારીનો 'આદેશ' છે કે આ મામલે કોઇએ દરમિયાનગીરી કરવી નહી. ચોટલીધારીને માથે તેના ગાંધીનગરના આકાઓનો હાથ હોવાની તેણે છાપ ઊભી કરી હોવાથી તેના બેકાબૂ વર્તનથી ત્રાસેલા તેના ઉપરીઓ પણ તેની સામે નતમસ્તક હોય તેવા સંકેત મળી રહ્યા છે.

### બન્ટીની પૂછપરછ કરાઇ પરંતુ કાર્યવાહી નહી

હાલમાં જ સટોડિયા બન્ટી સિટીલાઇટની ધરપકડના ચક્રો ગતિમાન થયા હતા પરંતુ આ 'ચોટલીવાળા વર્દીધારી'એ કોઈ પણ કાર્યવાહી નહી કરવા માટે 'આદેશ' આપ્યા હતા. તેથી સિટીલાઇટના સટોડિયા બન્ટીને ઉની આંચ આવી નથી. સરવાળે આખી કાર્યવાહી કાગળ પર કરી કેસનું ફીંડલું વાળી દેવા માટેનો તખ્તો ગોઠવાયાનું જણાય છે.

સુરત : સુરત શહેરમાં એક અંદાજ પ્રમાણે પાંચસો કરોડ રૂપિયાનો સટ્ટો IPL પર રમાઇ રહ્યો છે. દરમિયાન કયા સટોડિયાએ કેટલો ધંધો કરવો કે પછી નહી કરવો તે રિમોટ કંટ્રોલ એક શાખાના એક નીચલા હોદ્દાના 'ચોટલીવાળા વર્દીધારી' હાથમાં હોવાનું જાણવા મળ્યું છે. હાલમા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતનો સટોડિયાઓને જેર કરવાના સ્પષ્ટ આદેશના ચાર-પાંચ દિવસ વિત્યા છતાં આ 'મહાશય'ની નામરજીને કારણે એક પણ સટોડિયા સામે કોઇ ઠોસ કાર્યવાહી થઈ નથી.

દરમિયાન, એક તરફ જ્યારે હજારો યુવાનો આ સટ્ટાની લતે આર્થિક પાયમાલી તરફ ધકેલાઇ રહ્યા છે ત્યારે આ 'ચોટલીવાળા વર્દીધારી'ના ઇશારે માત્ર તપાનું તરકટ જ ચાલી રહ્યું હોય તેમ લાગે છે.

તેના ઉપરીઓ પણ આ 'ચોટલીવાળા વર્દીધારી'ના "પ્રભાવ"થી જાણે ગભરાઇ રહ્યા છે. આમ એક સાવ નીચલા હોદ્દાનો સામાન્ય કર્મી જાણે પોતે સવાયો કમિશ્નર હોય તેવો રુઆબ ધરાવી રહ્યો છે. હાલમા મનોજ, ગજ્જુ અને બન્ટીની પૂછપરછ માટે ચક્રો ગતિમાન થયા પરંતુ કાર્યવાહી નહી કરવા માટે આ ચોટલીધારી 'મહાશયે' જાણે ઈશારો આપ્યો હોય તેમ તેમની સામે કોઇ ઠોસ પોલીસ કાર્યવાહી થઈ જ નથી.

# પાલિકામાં ૧૦૦૦ કરતા પણ વધારે RTI કરનાર અવધેશ તિવારી સામે ગુનો

**બાંધકામ** તોડાવી નાંખવાની ધમકી આપી ખંડણીખોરે 20 હજાર પડાવી લીધા

સુરતઃઆરટીઆઈ એક્ટિવિસ્ટ અને તોડબાજ ખંડણીખોર પત્રકારો સામે છેલ્લા ઘણા સમયથી પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે ઉધના રોડ નં-૦૬ ખાતેનું બાંધકામ ગેરકાયદેસર હોવાનું જણાવી ખંડણીખોર અવધેશ તિવારી નામના યુવકે બાંધકામ કરનાર પાસે 20 હજાર પડાવી લીધા હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.શહેરના ડિંડોલી નવાગામ વિસ્તારમાં હરિહર નગર સોસાયટીમાં રહેતા જ્ઞાનપ્રકાશ શ્રીવાસ્તવનું ઉધના ૬ વિસ્તારમાં ઉધનામાં એક બાંધકામ ચાલી રહ્યું હતું. ત્યારે ગોડાદરા રહેતા અવધેશકુમાર તિવારીએ ઉધના ઝોનમાં અવારનવાર બાંધકામની વિરુદ્ધ અરજીઓ કરી હતી એટલુ જ નહીં પરંતુ ત્યારબાદ અવધેશ તિવારીએ જ્ઞાનપ્રકાશનો સંપર્ક કરી બાંધકામ તોડાવી નાખવાની ધમકીઓ આપી રૂપિયા ૫૦,૦૦૦ ની માંગણી કરી હતી પરંતુ જ્ઞાનપ્રકાશ એ ૫૦,૦૦૦ આપવાની ના પાડતા અવધેશકુમાર તિવારીએ માર મરાવી હાથ પગ તોડાવી નાખવાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી. જોકે ત્યારબાદ જ્ઞાનપ્રકાશને મળવા બોલાવી તેમની પાસેથી બળજબરી થી ૨૦ હજાર રૂપિયા કઢાવી લીધા હતા. ઉલ્લેખનીય છે કે અવધેશ તિવારીએ પાલિકામાં ૧૦૦૦ કરતા પણ વધારે આરટીઆઈની અરજીઓ કરી હતી.

### ગરમી વધતા જ શહેરમાં પંખીઓ માટે કુંડાનું વિતરણ શરૂ



■ સુરત એવું શહેર છે જેના દરેક લોકો અને સંસ્થાઓ અબોલ પશુ-પંખી વિષે પણ હંમેશા વિચારે છે. હવે ઉનાળો શરૂ થઇ ગયો છે ત્યારે જુદી જુદી સંસ્થા દ્વારા લોકો અગાશીમાં પાણી મૂકી શકે તે માટે કૂંડાનું વિતરણ શરૂ થઇ ગયું છે. **(તસવીર : સતીષ જાદવ)**

### ગાડી પાર્ક કરવા બાબતે કતારગામના પરિવાર પર ઘરમાં ઘૂસી હુમલો

# 'તું નીચે ઉતરર' આજે તો તને મારી નાંખવો છે 'કહી યુવક ઘરમાં ઘૂસી ગયો'

**કતારગામની** રૂક્મણી સોસાયટીમાં રહેતા દંપતિ અને તેમના પુત્ર સામે ગુનો નોંધાયો

સુરતઃ કતારગામ વિસ્તારમાં ગાડી પાર્ક કરવા જેવી નજીવી બાબતમાં થયેલા ઝગડામાં દંપતિ અને તેમના પુત્રએ સોસાયટીમાં રહેતી પરિણીતાના ઘરમાં ઘૂસી પતિ તથા પુત્રને માર મારતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો.શહેરના કતારગામ વિસ્તારમાં બાપા સીતારામ ચોક પાસે આવેલી રૂક્ષ્મણી નગર સોસાયટીમાં રહેતા હર્ષાબેન કિરણભાઈ વરિયા બ્યુટી પાર્લર ચલાવે છે. ગઈ તારીખ ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ રાત્રે તેઓ ઘરે હતા ત્યારે તેમની જ સોસાયટીમાં રહેતા અરવિંદભાઈ આંબલિયાનો પુત્ર જયેન્દ્ર તેના ઘરની નીચે આવી જોર જોરથી બૂમો પાડી અહીં ગાડી પાર્ક કરવાની ના પાડી છે છતાં કેમ કરો છો તેમ કહી અંકિતને ગાળો આપી હતી. ત્યારબાદ પણ તેણે અંકિતને તું નીચ ઉતર આજે તો તેને મારી નાંખવો છે. અંકિત નીચે નહીં ઉતરતા જયેન્દ્ર તેમના ઘરમાં ઘૂસી ગયો હતો. હર્ષાબેને તેને રોકવાની કોશિશ કરવા છતાં પણ તેમને ધક્કો મારી તે ઘરમાં ઘૂસી ગયો હતો અને અંકિતને માર માર્યો હતો. આ દરમિયાન જયેન્દ્રના પિતા અરવિંદભાઈ અને તેની માતા સવિતાબેન પણ તેના ઘરમાં ઘૂસી ગયા હતા અને તેઓએ પણ હર્ષાબેન સાથે ગેરવર્તણૂક કરી અંકિત ને માર માર્યો હતો. બાદમાં હર્ષાબેનના પતિ કિરણભાઈ ઘરે આવતા તમામે ભેગા મળી ગ્રાઉન્ડ ફ્લોર ઉપર તેમની સાથે પણ ઝઘડો કરી ગાળો આપી કિરણભાઈ ને પણ માર માર્યો હતો. કતારગામ પોલીસે દંપતિ અને તેના પુત્ર સામે ગુનો દાખલ કર્યો છે.

### ઇચ્છાપોરમાં રિક્ષામાંથી યુવાનના ૨૫ હજાર ચોરાયા

ભેસાણ રોડ પર સ્વાગત રેસીડેન્સીમાં રહેતા સંદીપ લાલજી યાદવ રોયલ ટ્રાન્સલાઇન ઓફિસમાં ડ્રાઇવર તરીકે કામ કરે છે. ગત ૨૩ માર્ચના રોજ બપોરે સાડા બારેક વાગ્યાના અરસામાં તેઓ ઇચ્છાપોર ઓએનજીસી સર્કલ સ્વાગત બિઝનેસ હબ પાસેથી એક ઓટો રીક્ષામાં તેના મિત્ર વિરેન્દ્ર સાથે બેઠા હતા. ઓટોરિક્ષામાં પહેલેથી સવાર ત્રણ અજાણ્યા ઈસમોએ સંદીપ અને વિરેન્દ્રને આગળ પાછળ બેસાડી ધક્કા મૂકી કરી પેન્ટના ખિસ્સામાં રહેલા રોકડા રૂપિયા ૨૫,૦૦૦ ચોરી ગયાં હતાં

# વરાછા, લિંબાયત સહિત છ ઝોનમાં લેભાગુ RTI એક્ટિવિસ્ટો સામે કાર્યવાહી નહી થતાં તર્ક-વિતર્ક

સુરતઃ થોડા સમયથી શહેરમાં ગેરકાયદે બાંધકામ મુદ્દે આરટીઆઇના કાયદાનો દૂરઉપયોગ કરીને તોડ કરતાં લેભાગુ આરટીઆઇ એક્ટિવિસ્ટો સામે પોલીસ કાર્યવાહી શરૂ થઇ છે. આવી શંકાસ્પદ ફરિયાદો કરનારા, આરટીઆઈ એક્ટિવીસ્ટોને પોલીસે શોધી શોધીને તેની સામે ફરિયાદ દાખલ કરી રહી છે. ત્યારે પોલીસ અને મનપાના વર્તુળમાં એવી પણ ચર્ચા ઊઠી છે કે હજુ સુધી જે ફરિયાદો દાખલ થઇ તે માત્ર કતારગામ, સેન્ટ્રલ અને ઉધના ઝોનમાં અરજી કરનારાઓ સામે થઇ છે. અન્ય છ ઝોનમાં કેમ કાર્યવાહી ન થઇ તે સવાલ ઊઠી રહયા છે. સેન્ટ્રલ ઝોનમાં તો ધારાસભ્ય અરવિંદ રાણા ખુદ સક્રિય હોય અને લેભાગુ એક્ટિવિસ્ટોની યાદી આપી હોય પોલીસ ફરિયાદો અને આરોપી સામેના પુરાવા ફટાફટ મળી ગયા છે. ઉધના અને કતારગામ ઝોનમાં પણ આ પ્રકારની ફરિયાદો મનપાના અધિકારીઓએ આપેલી માહિતીને કામમાં લઇ દાખલ કરાઇ છે. પરંતુ બાકીના છ ઝોનમાં લેભાગુ એક્ટિવિસ્ટનો ત્રાસ હોવા છતાં હજુ સુધી કોઇ ખાસ કાર્યવાહી કરાઈ નથી. કેટલાક કિસ્સાઓમાં ઝોન કક્ષાએ જૂનિયર ઇજનેર, ટેક્નિકલ આસિસ્ટન્ટ, સુપરવાઇઝરની ભૂમિકા શંકાસ્પદ હોવા છતાં હજુ સુધી કોઈ અધિકારી સામે પણ આંગળી ચીંધવામાં આવી નથી એ પણ અચરજ પમાડે એવો વિષય છે.

### ભટારની પરિણીતાનું ઝાડા ઊલટીમાં મોત

સુરત : ભટાર ખાતે રહેતી પરિણીતાને ગઈકાલે રાત્રે ઝાડ ઉલટી થતાં પરિવારજનો સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે સવારે પરિણીતાનું મોત નીપજ્યું હતું. પરિણીતા કોઇક સામાજિક સંસ્થા સાથે જોડાયેલા હતા. અને તેમના પતિ વોચમેનનું કામ પરિવારનું ગુજરાન ચલાવે છે. મૂળ ભાવનગર ઉમરાળાના વતની અને હાલમાં ભટાર ખાતે આવેલી ભગવતી કૃપા સોસાયટીમાં રહેતા 34 વર્ષિય શિલ્પાબેન ગોપાલભાઈ મકવાણા કોઇક સામાજિક સંસ્થા સાથે જોડાયેલા હતા. અને તેમના પતિ વોચમેનનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

# પાલિકાની કચરાની ગાડીના ડ્રાઇવરે દારૂ પીને અકસ્માત કર્યો

**કચરાની** ગાડી લાલગેટ પો.સ્ટે.માં જમા, પાલિકાએ ડ્રાઇવરને સસ્પેન્ડ કરીને સંતોષ માન્યો

**'આપ'** નેતા એમ.ડી. પઠાણે ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ થાળે પાડી

### કચરાની ગાડી પર હેલ્પર તરીકે કામ કરતા બાળ મજુર

આ અગાઉ પણ સેન્ટ્રલ ઝોનમાં બાળ મજુર કચરાની ગાડી પર હેલ્પર તરીકે કામ કરતા હોવાની ફરિયાદ મળી હતી તેમજ કચરાની ગાડીઓ અઠવાડિયામાં બે ત્રણ દિવસે જ કચરો લેવા આવતા હોવાની પણ ફરિયાદ મળી હતી. વધુમાં, ગાડીના સંચાલકો દ્વારા હોટલો અને કમર્શિયલ એકમો પાસેથી કચરા ઉપાડવા માટે પૈસા માંગવા બાબત અનેક વખત ફરિયાદો પણ થઈ ચુકી છે. તેમ છતાં આરોગ્ય ખાતું જાણે આ બધી ફરિયાદોને ઘોળીને પી ગઈ હોય તેમ ઇજારદાર પર સંતોષ ખાતર નાના એવા પગલાં લઈને જવા દેવામાં આવ્યાં હતાં. વિવાદોનું ઘર બનેલું મનપા સેન્ટ્રલ ઝોન ફરી એકવાર વિવાદમાં આવી છે પરંતુ 'હમ નહીં સુધરેંગે' કહેવતને યથાર્થ ઠેરવે છે.

સુરત : સુરત મહાનગર પાલિકા ફરી વિવાદમાં આવી છે. ગતરાત્રે પાલિકાની ડોર ટુ ડોર કચરો લેવા આવતી ગાડીના ડ્રાઈવરે દારૂ પી ને અકસ્માત સર્જ્યો હતો. નૂરાની મસ્જિદની સામે હોડી બંગલા પાસે ડ્રાઈવરે અકસ્માત સર્જતા લાલગેટ પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી ગાડી જમાં કરી લીધી છે.સેન્ટ્રલ ઝોન આરોગ્ય ખાતું ફરી એકવાર વિવાદે ચઢ્યું છે. સેન્ટ્રલ ઝોનના આરોગ્ય ખાતા પર ના.આરોગ્ય અધિકારી કેતન ગરાસિયાની પકડ ફરી એકવાર સાવ ઢીલીઢસ માલુમ પડી હતી. ભાજપ શાસકોના મળતીયા એવા ઈજારદારો પર ભૂતકાળમાં પણ અનેકવિધ ફરિયાદો મળી હોવા છતાં કેતન ગરાસિયા સાવ નબળા પુરવાર થયા હોવાનું દેખાઈ આવે છે. ગતરાત્રે પાલિકાની ડોર ટુ ડોર કચરો લેવા આવતી ગાડીના ડ્રાઈવરે દારૂ પી ને અકસ્માત કર્યો હોવાની વાત સામે આવી છે.

ગાડી નંબર GJ 05 GV 3196 જેની પર સુરત મહાનગરપાલિકા પણ લખેલું હતું તે ગતરોજ નૂરાની મસ્જિદની સામે, હોડી બંગલા પાસે કચરો એકઠો કરવાનું કામ કરતી હતી, પરંતુ તેનો ચાલક ફૂલ નશામાં ગાડી હંકારી રહ્યો હતો અને એક ગાડીને અકસ્માત કર્યો હતો. આમ આદમી પાર્ટીના ત્યાંના નેતા અહેમદ પઠાણને માહિતી મળતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયાં હતા. ત્યારે ડોર ટુ ડોર ગાડી ઉપર ડ્રાઈવર એકેલો જ હતો, અને ગાડીની અંદર દેશી દારૂની પોટલીઓ પણ હતી. એમ. ડી. પઠાણે ડ્રાઈવરને ગાડીમાંથી બહાર કાઢીને સાઇડમાં બેસાડ્યો હતો અને અધિકારીઓનો સંપર્ક કરતા પરિસ્થિતિ ત્યાં જ થાળે પાડી હતી. બાદમાં પોલીસ આવી ડ્રાઈવરની અટકાયત કરી હતી. સાથે સાથે ડોર ટુ ડોર કચરાની ગાડીને પણ લાલગેટ પો.સ્ટે.માં જમા લેવામાં આવી હોવાની માહિતી મળી રહી છે.

# ગોડાદરામાં ટપોરીની બે રેમ્બો ચપ્પુ લઈને જાહેરમાં દાદાગીરી

સુરત : શહેરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમ છતાં કેટલાક અસામાજિક તત્ત્વો કાયદાને પડકાર આપતા હોય એવું જણાઈ રહ્યું છે. ગોડાદરા વિસ્તારમાં આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક શખ્સ બે રેમ્બો ચપ્પુ લઈને જાહેરમાં દાદાગીરી કરતો જોવા મળ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડીયામાં વાયરલ થયા બાદ ગોડાદરા પોલીસે તુરંત હરકતમાં આવી આરોપીની ધરપકડ કરી લીધી છે.

મળતી માહીતી મુજબ ગત તારીખ ૧લીની રાત્રે ગોડાદરા વિસ્તારમાં રાજા નામનો શખ્સ હાથમાં બે રેમ્બો ચપ્પુ લઈને એક વ્યક્તિને ધમકાવતો હતો. આ ઘટના પાછળનું કારણ એક વ્યક્તિ સાથે થયેલો વિવાદ હોવાનું મનાઈ રહ્યું છે. જે વ્યક્તિને રાજા ધમકાવી રહ્યો હતો, તેની સાથે કોઈ અંગત બાબતે ઝઘડો થયો હતો અને તેને ડરાવવા માટે રાજા રેમ્બો ચપ્પુ લઈને પહોંચ્યો હતો. સમગ્ર ઘટનાનો કોઈકે વીડિયો બનાવી વીડિયો સોશિયલ મીડીયામાં વાયરલ કર્યો હતો. જે વીડિયો ગોડાદરા વિસ્તારનો હોવાનું માલુમ પડતાં ગોડાદરા પોલીસ દોડતી થઈ હતી. પોલીસે આ વીડિયોના આધારે તપાસ શરૂ કરતા જાણવા મળ્યું કે, વીડિયોમાં ચપ્પુ લઈને દાદાગીરી કરતા શખ્સનું નામ રાજા છે. તેની સામે અગાઉ પણ ગોડાદરા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનનો ગુનો દાખલ થઈ ચૂક્યો છે. વીડિયો સામે આવ્યા બાદ તુરંત પ્રકાશ ઉર્ફે રાજા રામજીવન પટેલ (ઉં.વ.32, રહે., આસપાસ નગર-1, ગોડાદરા) ની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ફરિયાદીને પણ બોલાવવામાં આવ્યો છે. ફરિયાદીના નિવેદનના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઉમરાના લેન્ડ ગ્રેબિંગના ગુનામાં સંડોવાયેલા વેપારીના આગોતરા મંજૂર

સુરતઃ ઉમરા ખાતે પારસી પરિવારની કરોડોની જમીન બોગસ દસ્તાવેજ બનાવી હડપ કરવાના પ્રયાસના ગુનામાં સંડોવાયેલા વેપારીના આગોતરા કોર્ટે મંજૂર કર્યા હતા.

લિંબાયત મદીના મસ્જિદ પાસે રહેતા સલમાન ઇનાયત પટેલ અને અન્ય આરોપીઓ સામે ઉમરા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2021માં લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો હતો. આરોપી સલમાન પટેલને આ ગુનામાં 21 માર્ચના રોજ જી-ડિવિઝનના એસીપી વી.આર મલ્હોત્રાએ નોટિસ મોકલી હતી. જેથી આરોપી સલમાન પટેલે પોલીસ ધરપકડથી બચવા આગોતરા જામીનઅરજી કરી હતી. આરોપી તરફે વકીલ ઝફર બેલાવાલાએ દલીલો કરી હતી કે, આરોપીએ બોગસ કે બનાવટી દસ્તાવેજો બનાવ્યા નથી. આરોપી માત્રને માત્ર બોનાફાઇડ પાર્ચેઝર છે. જેથી આરોપી પોતે ભોગ બનનાર કહેવાય અને તેને 6 લાખ પણ ચૂકવ્યા છે. ફરિયાદ પરથી ફરિયાદી પોતે સિવિલ દાવાને કામે પોતાનું ધાર્યું પરિણામ મેળવી ન શકતા સિવિલ તથા દીવાની પ્રકારની તદ્દન ખોટું ફોજદારી સ્વરૂપ આપી હાલની ફરિયાદ કરી છે.

# રવિવારે હીરાનું ખાતું ચાલુ રાખનારા માલિકો સામે કલેક્ટરને ફરિયાદ થશે

**હજી** પણ હડતાળ યથાવત છે પણ માલિકો દ્વારા તેમના પર દબાણ કરવામાં આવી રહ્યું છે

સુરતઃ સુરતના રત્નકલાકારોની હડતાળ આજે ત્રીજા દિવસમાં પ્રવેશી છે. ડાયમંડ વર્કર યુનિયન દ્વારા રત્નકલાકારોને મદદ અને માર્ગદર્શન આપવા માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. યુનિયન દ્વારા WhatsApp મારફત પોસ્ટરો પણ પ્રસારિત કરવામાં આવ્યા છે. જેથી વધુમાં વધુ રત્નકલાકારોને આંદોલન સાથે જોડાવી શકાય. અહેવાલ મુજબ ઘણા રત્નકલાકારો પર તેમના માલિકો દ્વારા દબાણ કરવામાં આવી રહ્યું છે. રવિવારે જાહેર રજા હોવા છતાં પણ કેટલાક કારખાનાઓ ચાલુ રાખવામાં આવ્યા હતા. આવા કિસ્સાઓ અંગે માહિતી એકત્ર કરવા માટે, ડાયમંડ વર્કર યુનિયને રત્નકલાકારોને વિનંતી કરી છે કે તેઓ કંપનીના નામ અને સરનામાં આપવામાં આવેલા હેલ્પલાઈન નંબર પર મોકલે. યુનિયને ખાતરી આપી છે કે જાણકારી આપનારાનું નામ ગુપ્ત રાખવામાં આવશે. હાલ હડતાળની સ્થિતિ છતાં મોટા ભાગના રત્નકલાકારો હજી પણ આંદોલન સાથે જોડાઈ શક્યા નથી. એકત્રિત માહિતી માનવ અધિકાર આયોગ, ચીફ લેબર કમિશનર ગાંધીનગર, સુરત જિલ્લા કલેક્ટર અને સુરત લેબર ડેપ્યુટી કમિશનર સુધી પહોંચાડવામાં આવશે જેથી યોગ્ય કાર્યવાહી થઈ શકે. એમ ડાયમંડ વર્કર યુનિયન ગુજરાતનાં ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું

### સુરતના રત્નકલાકારો માટે રાહત પેકેજ વિચારણા હેઠળ: ઋષિકેશ પટેલ

ગાંધીનગર:રાજ્ય સરકાર સુરતના રત્ન કલાકારો માટે રાહત પેકેજની વિચારણા કરી રહી છે, તેમ કેબીનેટ પ્રવક્તા ઋષિકેશ પટેલએ જણાવ્યુ હતું. સુરતના રત્ન કલાકારો માટે સરકાર શુ કાર્યવાહી કરરી રહી છે, તેવા પ્રશ્નના જવાબમાં ઋષિકેશ પટેલે કહયું હતું કે સીએમ ભૂપેન્દ્ર પટેલના આદેશના પગલે રચાયેલી કમિટી હાલમાં ચર્ચા કરી રહી છે. કમિટીની ભલામણના આધારે નિર્ણય લેવાશે. આ વર્ષે 3 લાખ ૭૦ હજાર કરોડથી વધુની રકમનું ઐતિહાસિક બજેટ રજૂ કરાયું છે. બજેટ સત્ર બાદ ગાંધીનગર ખાતે મળેલી પહેલી કેબિનેટ બેઠકમાં માં જ વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટની વિકાસ કાર્યોને લગતી ૮૫% ટકા ચાલુ બાબતોની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India
અમરોલી રોડ શાખા : પોસ્ટ ઓફિસ પાસે, લુહાર ફળીયા, અમરોલી, સુરત-૩૯૪૧૦૭. Email: bmsura0514@centralbank.co.in

**ડિમાન્ડ નોટીસ**

૧) **શ્રી કિશોર કુમાર લાખાભાઈ વિરાણી** — **તા. ૨૪.૦૩.૨૦૨૫**
**સરનામું :** પ્લોટ નં. ૧૦, ઓપેરા હોમ્સ વિભાગ-૨, ગામ-કામરેજ, તાલુકા-કામરેજ, સુરત-૩૯૪૧૮૦. (ગુજરાત)

**સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ ૧૩(૨) નોટીસ**

૧. અમે તમારી વિનંતી અનુસાર કુલ રકમ **રૂા. ૧૦,૦૦,૦૦૦/- (રૂા. દસ લાખ પુરા)** ની ક્રેડીટની મર્યાદા સ્કીમ દ્વારા આપીએ છીએ. અને અમે અમારી **અમરોલી શાખા** દ્વારા વિવિધ ક્રેડીટની સુવિધાઓ આપેલ છે. જેની સંપૂર્ણ વિગતો નીચે પ્રમાણે છે. તમારી એવાઇડ લોનની રકમ શરતો મુજબ પાસ થયેલ.

૨. આપને જાણ કરવામાં આવે છે કે કુલ રકમ **રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા) તા. ૨૯.૧૨.૨૦૨૪ થી** ચડત વ્યાજ પર માસિક વ્યાજ સાથે વસૂલીના તારીખ સુધી.

| લોન નો પ્રકાર | લોનની રકમ | રકમનું વ્યાજ માસિક દર સાથે | તા. ૨૯.૧૨.૨૦૨૪ થી કુલ બાકી રકમ |
|---|---|---|---|
| હાઉસિંગ લોન | રૂા. ૧૦,૦૦,૦૦૦/- | ૯.૬૦ % | રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- |

આપને જાણ કરવામાં આવે છે કે રકમ **રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા)** વધુ વ્યાજ સાથે, તે સ્પષ્ટ કરવામાં આવ્યું કે પેનલ વ્યાજનું મુડીકરણ કરવામાં આવ્યું નથી અને એન.પી.એ.ની તારીખ પછી જમા કરાવેલી રકમ વ્યાજ જોડીને ગણતરી કરી ચુકવવા પાત્ર રહેશે.

૩. અમે તમને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી બેંક / દિશાઓ અથવા દિશાનિર્દેશો માર્ગદર્શિકા / વાયોલેનશના નિયમો અને શરતો અનુસાર લોન **નોન પર્ફોમિંગ એસેટ્ તા. ૨૯.૧૨.૨૦૨૪** તરીકે લેણાની વર્ગીકૃત કરી છે. આપને બેંકના નાણાં ભરપાઈ કરવા વારેવાર ડીમાન્ડ નોટીસ દ્વારા અને મૌખિક વિનંતિઓ દ્વારા જાણ કરવામાં આવેલ છે, છતાં આજદિન સુધી આપે રકમ પરત કરેલ નથી.

૪. કરજદાર/જામીનદારને ઉપર જણાવેલ નામ વાળા વ્યક્તિએ રકમ ચુકવવમાં કસુરવાર થતી રકમ **રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા)** તા. ૨૯.૧૨.૨૦૨૪ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ સાથે, રકમની ચુકવણી માટે ફરી વખત દરખાસ્ત કરી માંગ હોવા છતા. સરફેસી એક્ટ કલમ ૧૩ (૨) હેઠળ તેઓ માંગણીની રકમ **રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા)** તા. ૨૯.૧૨.૨૦૨૪ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ રીતે ગણવામાં આવેલ હતા.

૫. આપને ખબર છે કે ઉપરોક્ત લીમીટ જે આપને આપેલ છે તે નીચે પ્રમાણે મુકરર અસ્ક્યામતોથી /જામીનગીરી થી સુરક્ષિત છે.

**સુરક્ષિત મિલકતોનું વર્ણન**

જે ખુલ્લો પ્લોટ નં. ૧૦ (નવું બ્લોક નં. ૩૮૪/૨/૧૦), ક્ષેત્રફળ ૪૪.૬૧ સ્કે. મીટર, અવિભાજીત સરખા ભાગનો ક્ષેત્રફળ ૭.૧૪ સ્કે.મીટર સોઓપી અને ક્ષેત્રફળ ૨૦.૮૫ સ્કે.મીટર, કોમન રોડ અને હાઉસિંગ એસ્ટેટના નામ થી જાણીતી "ઓપેરા હોમ્સ વિભાગ-૨", જમીનો એસઆઈબી પ્લોટ નં. ૨, બ્લોક નં. ૩૮૪ (આર.એસ. નં. ૩૯૪), ક્ષેત્રફળ ૪૨૩૩૪.૦૦ સ્કે.મીટર, બિન ખેતીલાયક જમીન, ગામ-કામરેજ, સબ જિ. કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● ઉત્તરે :** સોસાયટીનો ઈન્ટરનલ રોડ, **● દક્ષિણે :** સેકસન આર-૨, પ્લોટ નં. ૧૯, **● પુર્વે :** સેકસન -૨, પ્લોટ નં. ૧૧, **● પશ્ચિમે :** સેકસન -૨, પ્લોટ નં. ૯

૬. ઉપરોક્ત કારણોસર અમો આપને જણાવીએ છીએ કે **રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા)** તા. ૨૯.૧૨.૨૦૨૪ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ રીતે ગણવામાં આવેલ હતા. આ જાહેર ખબરના ૬૦ દિવસની અંદર બેંકના બાકી લ્હેણાં સંપૂર્ણ ભરપાઈ કરી દેવાં એમાં કસુર થશે તો, મુકરર મિલકત ઉપર સરફેસી કાયદા ૨૦૦૨ની કલમ ૧૩(૪) અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે. સદરહુ કાયદાની કલમ ૧૩ હેઠળ આપવામાં આવેલ સત્તાઓ ૧) સદર મુકરર મિલકતનો કબજો લઈ લીઝ પર આપી, ટ્રાન્સફર કરી એસાઈન કરી અથવા વેચીને બેંકના નાણાં વસૂલ કરી શકે છે. ૨) ઉધારકર્તાનો ધંધો ટેકઓવર કરી ટ્રાન્સફર કરી લીઝ પર આપી એસાઈન કરી વેચી શકે છે. ૩) મુકરર મિલકત જેનો અમોએ (મુકરર લેણદાર)એ કબજો લીધેલ છે, તેના વહીવટ માટે મેનેજરની નીમણૂંક કરી શકે છે. જે સંપૂર્ણ હક્કો તેના મિલકતની તબદીલી તમોએ કરેલ છે એ પ્રમાણે કરી શકશે. ૪) લેખિતમાં નોટીસ આપીને જાણાવી શકે છે કે કોઈપણ ઈસમ જેણે આપની કોઈપણ મુકરર મિલકત કબજે લીધેલ હોય અથવા કોઈપણ રકમ તમારી પાસે લ્હેણી નીકળવાની થતી હોય તે મુકરર લેણદારને આપી શકે જે સંપૂર્ણ દેવાં ભરપાઈ કરી શકવા સમર્થ હોય.

૭. ઉપરોક્ત સત્તાનો ઉપયોગ કરી મેળવેલ નાણાં સૌ પ્રથમ બધા ખર્ચાઓ, ચાર્જીસ અને ખર્ચા જે અમારા અભિપ્રાય પ્રમાણે અમોએ ખરેખર ખર્ચ કરેલ છે અથવા તેને લગતા આનુસંગિક ખર્ચાઓ બાદ કરીને પછી બેંકના ઉપરોક્ત બાકી લ્હેણાં આ નોટીસની તારીખથી નાણાં સંપૂર્ણ ભરપાઈ થાય ત્યાં સુધીના વ્યાજ સાથે અને પછી બાકી નીકળતાં જો હોય તો તે અન્ય વ્યક્તિ જે હકદાર છે તેને તેના હક્ક અને હિત પ્રમાણે અપાશે અને જો કોઈ હક્ક દાવા વાળી વ્યક્તિ નહી હોય તો ઉધારકર્તાને અપાશે.

૮. નોંધ લેશો કે તમો આ નોટીસ મળ્યા પછી આ નોટીસમાં જણાવેલ મુકરર મિલકત વેચાણથી ફેરબદલ ભાડેથી કે અન્ય કોઈપણ રીતે મુકકર લેણદારની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, આપનું ધ્યાન સરફેસી કાયદાની કલમ ૨૯ તરફ દોરવામાં આવે છે. જેમાં કાયદાનું પાલન નહીં કરવા બદલ ૧ વર્ષની જેલ અથવા દંડ અથવા બન્ને થઈ શકે છે.

૯. આપને જાણ કરવામાં આવે છે કે સરફેસી કાયદા ૨૦૦૨ મુજબ કાર્યવાહી કરી હોવા છતાં પણ અમો હક્કદારછીએ કે (૧) આપની સામે સમાંતર રીતે દાવા અરજી / કેસ કરી શકીએ છીએ અથવા ડી.આર.ટી / કોર્ટ જે હોય તેમાં જઈને બેંકના બાકી લ્હેણાં વસૂલ કરી શકીએ છીએ અથવા (૨) આપની સામે દાવા અરજી / કેસ કરીને કે ડી.આર.ટી. / કોર્ટમાં જઈને વ્યાજ સાથે વેચાણ કિંમતથી સંપૂર્ણ રકમ વસૂલ ન થાય ત્યાં સુધી જઈને વસૂલ કરી શકાશે. (૩) આપની સામે આપને કરેલ ગુના કે ભૂલ માટે કાયદાકીય રીતે ફોજદારી કાર્યવાહી કરી શકાશે.

૧૦. ઉધારકર્તાને ધ્યાનમાં પેટા કલમ(૮)ની સરફેસી એકટની કલમ ૧૩ની જોગવાઈ કરવા માટે આમંત્રિત કર્યા છે. ઉપલબ્ધ સમય બાબતમાં, સુરક્ષિત એસેટ્ રિડીમ કરવા માટે.

**સહી/-**
**ધિકૃત અધિકારી,**
**સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

**સ્થળ : સુરત**
**તારીખ : ૨૪.૦૩.૨૦૨૫**
અસલ અંગ્રેજી થી અનુવાદ